# બોલિવૂડ-હોલિવૂડ

## દબંગ-૩નુ નિર્દેશન પ્રભુ દેવા કરવા તૈયાર : રિપોર્ટમાં દાવો



**મુંબઇ,** બોલિવુડ અભિનેતા સલમાન ખાનની ફિલ્મ દબંગ-૩ ફિલ્મનો ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા છે. અલબત્ત સલમાન ખાન પણ ઇચ્છે છે કે આ ફિલ્મને લઇને ચાર્મ લોકોની વચ્ચે યથાવત રહે. ચાર્મને જાળવી રાખવા માટે હવે ફિલ્મને લઇને જાહેરાત જરૂરી બની છે. આવી સ્થિતીમાં હવે જાહેરાત કરવામાં આવી છે કે સલમાન ખાનની દબંગ-૩ ફિલ્મનુ નિર્દેશન હવે કોરિયોગ્રાફરમાંથી નિર્દેશક બનેલા પ્રભુ દેવા દ્વારા કરવામાં આવનાર છે. આ નિર્ણય અરબાજ ખાન દ્વારા જાતે કરવામાં આવ્યો છે. અગાઉની બન્ને દબંગ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ચુકી છે. સલમાને વચ્ચે ગાળામાં યશરાજની ફિલ્મ ટાઇગર જિન્દા હે સાઇન કરી હતી. જેથી દબંગ-૩ ફિલ્મ પર કામ આગળ વધી શક્યુ ન હતુ. હવે દબંગ-૩ ફિલ્મ પર કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. ફિલ્મના નિર્દેશનની જવાબદારી પ્રભુ દેવાને સોંપી દેવામાં આવી છે. થોડાક દિવસ પહેલા ટ્યુબલાઇટ ફિલ્મ સાથે સંબંધિત એક કાર્યક્રમમાં સલમાને કહ્યુ હતુ કે તે સૌથી પહેલા અન્ય ફિલ્મ કરતા પહેલા દબંગ-૩ માટે કામ કરનાર છે. આ ફિલ્મને આરામથી અને હળવાશના મુડમાં કરવામાં આવનાર છે. બીજી બાજુ અરબાજે કહ્યુ છે કે દબંગ-૩માં વિલંબ થઇ રહ્યો હતો કારણ કે હજુ સુધી પટકથા ફાઇનલ કરી નથી.

દબંગ-૩ ફિલ્મની પટકથા સલમાનના આઇડિયા પર લખવામાં આવી રહી છે. હાલમાં સલમાન પોતાની ફિલ્મ ટ્યુબલાઇટને લઇને વ્યસ્ત છે. આ ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ તે કેટરીના કેફ સાથે ટાઇગર જિન્દા હેનુ શુટિંગ ફરી શરૂ કરશે. ત્યારબાદ તે રેમો ડિસુઝાની ફિલ્મમાં કામ કરનાર છે. સલમાન સૌથી વ્યસ્ત સ્ટાર પૈકી એક તરીકે છે. સલામાન ખાન બોલિવુડમાં સૌથી મોટા સ્ટાર તરીકે રહ્યો છે.

## સેક્સી દિશા પાટની બાગી-૨ ફિલ્મમાં ટાઇગર સાથે દેખાશે



**મુંબઇ,** બાગી-૨ ફિલ્મ બનાવવાની જાહેરાત કરવામાં આવ્યા બાદથી બોલિવુડમાં ફિલ્મને લઇને ચર્ચા છેડાઇ ગઇ છે. ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે કોણ રહેશે તેની ચર્ચા ફિલ્મની સિક્વલની જાહેરાત કરાયા બાદ શરૂ થઇ હતી. જો કે હવે ચર્ચાનો અંત આવી ગયો છે. દિશા પાટણી સિક્વલ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે રહેશે તેવી જાહેરાત હવે કરી દેવામાં આવી છે. ફિલ્મમાં શરૂઆતમાં અભિનેત્રીને લઇને અનેક નામો સપાટી પર આવ્યા હતા. સાજિદે આખરે જાહેરાત કરી દીધી છે કે દિશા પાટણી મુખ્ય અભિનેત્રી તરીકે રહેશે. દિશાને મોટી ફિલ્મ હાથ લાગી ગઇ છે. સાજિદ ટાઇગર સાથે જ મોટા ભાગે ફિલ્મો બનાવે છે. સાજિદે કહ્યુ છે ક દિશા ટાઇગર સાથે હિરોઇનની ભૂમિકા અદા કરનાર છે. સાજિદ પહેલાથી જ ફિલ્મમાં ફ્રેશ જોડી ચમકાવવા માટે ઇચ્છુક હતા. જેથી આ નિર્ણય કરવામાં આવ્યો છે.

લુક ટેસ્ટમાં જોયા બાદ બન્નેની કેમિસ્ટ્રી જોરદાર દેખાઇ રહી છે. પ્રોજેક્ટ પર હવે ટુંક સમયમાં કામ શરૂ કરાશે. એક્શન સિકવન્સ માટે ટ્રેનિંગ લેવા માટે ટાઇગર આગામી મહિનામાં હોંગકોંગ જશે. માર્શલ આર્ટસના ડિરેક્ટર હેઠળ ટ્રેનિંગ લેનાર છે. તે એક મહિના સુધી તાલીમ લેનાર છે. ચાઇનીઝ માર્શલ આર્ટસ કરતા અલગ ટ્રેનિંગ લેશે. અહેમદ ખાન ઇચ્છે છે કે સિક્વલ ફિલ્મમાં સ્ટન્ટને અલગ રાખવામાં આવે. પ્રથમ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી. જેથી બીજા ભાગને વધારે મશાલા સાથે બનાવવાની તૈયારી છે. ટાઇગર પાસે પણ હાલમાં કેટલીક સારી ફિલ્મો આવી રહી છે. તે એક્શન ફિલ્મોમાં વધારે અસરકારક સાબિત થઇ રહ્યો છે. દિશા સાથે ટાઇગરના સંબંધોને લઇને પણ ભુતકાળમાં ચર્ચા રહી છે. બન્ને વચ્ચે પ્રેમ સંબંધની વાત મિડિયામાં પણ પ્રકાશિત થઇ ચુકી છે.

## સ્ટાર સોનમ કપુર હિરાનીની ફિલ્મ દત્તને લઇને ખુબ ખુશ

**મુંબઇ,** બોલિવુડના વિતેલા વર્ષોના સુપરસ્ટાર અનિલ કપુરની પુત્રી અને અભિનેત્રી સોનમ કપુર બે ફિલ્મોને લઇને વ્યસ્ત બનેલી છે. જે પૈકી એક ફિલ્મ સંજય દત્તની લાઇફ પર બનેલી ફિલ્મ દત્ત છે. જેમાં રણબીર કપુર સંજયદત્તની ભૂમિકામાં નજરે પડનાર છે. હિરાનીની ફિલ્મ હોવાથી આ ફિલ્મ તો સુપરહિટ થનાર છે. સોનમ કપુર ફિલ્મની સાથે સાથે જાહેરાતમાં પણ સક્રિય છે.તે જાહેરાતની દુનિયામાં સૌથી વધારે કમાણી કરનાર ભારતીય અભિનેત્રીઓમાં સ્થાન ધરાવે છે. સોનમ કપુર એક જાહેરાતમાં કામ કરવા માટે ૪૫૦૦૦૦ ડોલરથી પણ વધારે નાણાં મેળવી છે. કોલગેટ, લક્સ, ઓપો મોબાઇલ અને અન્ય કેટલીક જાહેરાતમાં કામ કરી ચુકી છે. તે કેટલીક વિદેશી બ્રાન્ડમાં ભારતની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. સોનમ કપુર પાસે હાલમાં બે ફિલ્મો છે. જેમાં રાજકુમાર હિરાની મોટી ફિલ્મ દત્ત છે. જે સંજય દત્તની લાઇફ પર આધારિત ફિલ્મ છે. જેમાં રણબીર કપુર સંજય દત્તની ભૂમિકામાં છે. મળેલી માહિતી મુજબ પોતાના આનંદ આહુજા સાથેના સંબંધને દિન પ્રતિદિન વધુને વધુ મજબુત બનાવી રહી છે. દર રોજ સોશિયલ મિડિયા પર તેમના ફોટો મુકવામાં આવી રહ્યા છે. સોશિયલ મિડિયા પર મુકવામાં આવેલા ફોટાથી સાબિત થાય છે કે તેમની વચ્ચેના સંબંધ હવે નવી ઉંચાઇ પર પહોંચી રહ્યા છે. અલબત્ત બન્ને દ્વારા હજુ સુધી ડેટિંગને લઇને કોઇ જાહેરાત સત્તાવાર રીતે કરી નથી. આનંદ આહુજા ભારતના અગ્રણી એક્સપોર્ટ હાઉસના માલિકના પુત્ર તરીકે છે.

# શાળા પ્રવેશોત્સવ આનંદ, ઉર્જા ઉલ્લાસ અને પ્રેરણા આપવાનો ઉત્સવ બની ગયો છે - નિતીનભાઇ પટેલ

મહેસાણા તાલુકાના ચલૌવા ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ હાજર રહી ભુલકાંઓનું નામાંકન કરાવ્યું હતું.કાર્યક્રમમાં ધોરણ ૦૧ અને આંગણવાડીના ભુલકાંઓનું નામાંકન કરાવી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે દાતાશ્રીઓનું સન્માન,વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરેલ વિર્ધાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવની શરૂઆતમાં મનુષ્યનું ગૌરવગાન ગાતા ગીત મનુષ્ય તુ બડા મહાન હેં થી શરૂઆત થઇ હતી. કાર્યક્રમમાં બેટી બચાવો જેવા ધારદાર વિષય પર વિવિધ કૃતિઓ બાળકો દ્વારા રજુ કરવામાં આવી હતી.

શાળા પ્રવેશોત્સવમાં ચલૌવા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા કન્યા કેળવણીમાં રૂ.૧૧,૦૦૦નો ચેક નાયબ મુખ્યમંત્રીશ્રીને આપી ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ રકમ ગામની વિધાર્થીનીઓના અભ્યાસ તેમજ શાળા વિકાસ માટે આચાર્યને પરત આપી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલે જણાવ્યું હતું કે ભારત દેશ ઉત્સવનો દેશ છે.. શાળા પ્રવેશોત્સવને ઉત્સવના માધ્યમથી જનજાગૃતિ આણી છે.શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના માધ્યમથી શિક્ષણ થકી સામાજિક પરિવર્તનો આવ્યા છે. શાળા પ્રવેશોત્સવ જનચેતના બની ગયું છે.પ્રાથમિક શિક્ષણ થકી બાળકમાં શિક્ષણ અને સંસ્કારોનું સિંચન થાય છે તેમણે જણાવ્યું હતું કે શિક્ષકોએ પણ રાષ્ટ્રના ઉજજવળ ભવિષ્ય માટે શિક્ષણ થકી સમાજનું નિર્માણ કરવું પડશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દિર્ઘ દષ્ટીના પગલે રાજ્યના તમામ ક્ષેત્રોનો વિકાસ થયો છે. રાજયમાં સુખ શાંતિ,સલામતીની પ્રેરણા અન્ય રાજ્યો લેતા થયા છે.તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ચલૌવા ગામમાં આજ દિન સુધી સરકાર દ્વારા અંદાજીત ૦૧ કરોડ ૩૦ લાખ જેટલા વિકાસના કામો થયા છે. ગામનો વિકાસ થાય તે દિશામાં સરકાર હમેશાં કામ કરી રહી છે.નાયબ મુખ્યમંત્રીશ્રીએ તેમની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂ.૦૨ લાખની જાહેરાત કરી હતી. આ ઉપરાંત શાળાના વિકાસ માટે જરૂર હોય તેવા કામો કરવા માટે સંબધિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબોના પાકા મકાન હોય તે દિશામાં સરકારે સુચક પગલું ભર્યું છે. આ માટે સરકાર દ્વારા ઘરબાંધકામ માટે શૌચાલય સહિત રૂ.૧,૩૨,૦૦૦ની સહાય આપવાનું શરૂ કરેલ છે જેનો લાભ લેવા અનુંરોધ કર્યો હતો.આ ઉપરાંત તેમણે જયોતિગ્રામ યોજના,૧૦૮ યોજના,આરોગ્ય વિભાગ,શિક્ષણ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી આપી લાભાર્થીઓને વધમાં વધુ લાભ લેવા અનુંરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી પટેલ, એ.પી.એમ.સી ચેરમેન ખોડાભાઇ પટેલ, સરપંચશ્રી, ગ્રામજનો, શિક્ષકો, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા ડોડીયા પ્રા. અને ઉચ્ચ.મા.શાળામાં ૨૦૨ બાળકોને પ્રવેશ આપતા જિલ્લા પોલીસ વડા હિતેષ જોઇસર

**ગીર-સોમનાથ,** સમગ્ર રાજયમાં આજથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૭નો પ્રારંભ થવાની સાથે ગીર-સોમનાથ જિલ્લામાં પણ પ્રવેશોત્સવની શરૂઆત થઇ છે. ગીર-સોમનાથ જિલ્લા પોલીસ વડાશ્રી હિતેશ જોઇસરે વડોદરા ડોડીયા પ્રા.શાળા અને ઉચ્ચ મા.શાળામાં ૨૦૨ બાળકોને પ્રવેશ આપી આવકાર્યા હતા અને બાળકોનાં વાંચન, લેખન અને ગણનનું મુલ્યાંકન કરી માર્ગદર્શન આપ્યું હતું.

આંગણવાડીમાં ૧૦-કુમાર, ૧૧-કન્યા અને ધો.૧માં ૪-કુમાર, ૬-કન્યા ત્યારબાદ સિમશાળામાં ૩-કુમાર, ૫-કન્યાઓને પ્રવેશ કરાવ્યો હતો. ત્યારબાદ ઉચ્ચ.મા.શાળા ખાતે ધો.૯માં ૧૧૬-કુમાર અને ૪૭-કન્યાઓને પ્રવેશ આપી આવકાર્યા હતા. સાથોસાથ શૈક્ષણિક કિટ આપી બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ તકે જિલ્લા પોલીસ વડા જોઇસરે જણાવ્યું હતુ કે, ૨૦૦૨-૦૩માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં પ્રવેશોત્સવની શરૂઆત કરી હતી. જેને આજે સફળતા મળવાની સાથે વિદ્યાર્થીઓનાં ભણતરમાં ખુબ જ સફળદાયી પુરવાર થઇ છે. બાળકોનાં જીવનમાં શિક્ષણનું પ્રથમ સોપાન એવા પ્રવેશોત્સવથી બાળકોનું ભાવી ઘડાશે.

આ તકે શાળાનાં આચાર્ય બાબુભાઇ પરમાર, સરપંચશ્રી પીઠાભાઇ આમહેડા, અગ્રણીશ્રી બી.કે.ડોડીયા, બી.એ.પરમાર, એન.આર.ડોડીયા, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગીર-સોમનાથ જિલ્લાનાં બિયારણદવા ખાતરનાં ૬૬ વિક્રેતાઓની તપાસ

**ગીર-સોમનાથ,**ગીર-સોમનાથ જિલ્લામાં ખેડૂતોને સારી જાતનું બિયારણઅને ઉચ્ચ ક્વોલીટીની રાસાયણીક દવાઓ મળી રહે તેની પુરી તકેદારી લેવા ખાતર દવા બિયારણનાં પરવાનેદારોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યુંછે.

રાજ્ય સરકારની સુચના મુજબ ચકાસણી માટે ટીમો બનાવી સતત પાંચ દિવસ ગીર-સોમનાથ જિલ્લામાં ચકાસણી કરાતા ૬૬ પરવાનેદારોની તપાસ કરી તેમનાં હસ્તક રહેલ ૧૨૮૧૯કિ.ગ્રા.રૂ.૧૧.૫૧ લાખની કિંમતનો જથ્થો સ્થગીત કરી વેંચાણ અટકાવવામાં આવેલ છે. ઉપરાંત આ વિતરકો દ્વારા થતી અનીયમીતાઓ ધ્યાને લઇ ૩૨ પરવાનેદારોને કારણદર્શક નોટીસ ફટકારવામાં આવેલ છે. ગીર-સોમનાથ જિલ્લામાં ખેતીવાડી વિભાગની સુચના મુજબ જામનગરનાં નાયબ ખેતી નિયામક (વી.) ડો.એચ.આર.જાદવનાં માર્ગદર્શન તળે મદદનીશ ખેતી નિયામક વી.કે.પરમાર, ખેતીવાડી અધિકારી બી.વી.જીવાણી તથા વી.સી.જાદવની સ્કવોડ દ્વારા પરવાનેદારોની તપાસ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ ચોમાસાનાં આગમનની ઘડીઓ ગણાઇ રહી છે ત્યારે ખાતર દવા, બિયારણનાં વિક્રેતાઓ દ્વારા ખેડૂતોને નકલી બિયારણ દવા કે અન્ય હલકી ગુણવત્તાવાળી વસ્તુઓનું વેંચાણ અટકાવવા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઇડીઆઇઆઇએ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ આપવા યસ બેંક સાથે જોડાણ કર્યુ



ઉદ્યોગસાહસિકતામાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને ઇન્ક્યુબેટર માટે દેશની પ્રસિદ્ધ સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલમેન્ટ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ પોતાની સંસ્થા દ્વારા સપોર્ટેડ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ આપવા ભારતમાં ખાનગી ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક યસ બેંક સાથે જોડાણ કર્યું છે. આ પ્રકારની પ્રથમ પહેલમાં યસ બેંક સીજીટીએમએસઇ પ્રોગ્રામ (ક્રેડિટ ગેરન્ટી ફંડ ટ્રસ્ટ ફોર માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝ) હેઠળ ઇડીઆઇઆઇ સપોર્ટેડ સ્ટાર્ટ-અપ ગ્રીન આઇડિયોલોજીને રૂ. ૫૦ લાખની લોન પ્રદાન કરશે. વર્ષ ૨૦૧૩માં અભિષેક લોઢા અને નીરજા લાખાણી દ્વારા સ્થાપિત ગ્રીન આઇડિયોલોજીએ ભારતની પ્રથમ પ્રીમિયમ ઓર્ગેનિક એન્ટિમાઇક્રોબાયલ લોન્જરી બ્રાન્ડ 'ઇનર સેન્સ' પ્રસ્તુત કરી છે.

આ પહેલ વિશે ઇડીઆઇઆઇનાં ડિરેક્ટર ડો. સુનિલ શુકલાએ કહ્યું હતું કે, "ઘણાં વર્ષોથી ઇડીઆઇઆઇ સ્ટાર્ટ-અપ્સને માર્ગદર્શન અને સાથસહકાર આપે છે, ખાસ કરીને અમારી સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપિત સ્ટાર્ટ-અપ્સને. આ સ્ટાર્ટ-અપ્સને ધિરાણ કરવાની અમારી ક્ષમતા ઓછી છે, કારણ કે અમારી સંસ્થા શૈક્ષણિક સંસ્થા છે. હવે યસ બેંક સાથે જોડાણ કરીને ઇડીઆઇઆઇ ઘણાં સ્ટાર્ટ-અપ્સને ઋણ પ્રદાન કરશે, જેને અમે વિવિધ રીતે સપોર્ટ કરીએ છીએ. ઉપરાંત ઇડીઆઇઆઇએ તાજેતરમાં અપટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઇઝીસ (ક્રેડલ)ની સ્થાપના કરી છે, જે ઉત્પાદન, ફૂડ/એગ્રી બિઝનેસ, રિન્યૂએબલ એનર્જી અને હેલ્થકેર ક્ષેત્રોમાં પણ સ્ટાર્ટ-અપ્સને સહાય કરશે." (૧)

## મજેવડી પ્લોટશાળામાં પ્રજ્ઞા વર્ગનું ઉદઘાટન કરતા મેરી ટાઇમ બોર્ડના વાઇસ ચેરમેન શ્રી ભાદુ

**જૂનાગઢ,** જૂનાગઢ જિલ્લામાં આજથી ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રા.શાળામાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો હતો.જૂનાગઢ તાલુકાના મજેવડી ગામે ત્રણેય પ્રાથમિક શાળાઓનો પ્રવેશોત્સવ પે સેન્ટર શાળા મજેવડી ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત મેરી ટાઇમ બોર્ડના વાઇસ ચેરમેન અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી સચિવ શ્રી અજય ભાદૂએ આંગણવાડી, ધો.૧ અને હાઇસ્કુલમાં ધો.૯ના વિધાર્થીઓને પ્રવેશ અપાયો હતો.

શ્રી અજય ભાદૂએ ૧૫ વર્ષ પહેલાની તેમની જૂનાગઢ ખાતેની સેવાના સંસ્મરણો વાગોળી કહયું કે મજેવડી ઐતિહાસિક વિરાસત ધરાવતું ગામ છે. મજેવડીનું શિક્ષણ ગુણવતાયુકત છે. તેમણે શિક્ષકોને બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને ઓળખી તે શકિતથી બાળક આગળ વધે તે માટે બાળકનું જીવન ઘડતર કરવા જણાવ્યું હતું. ખાનગી શાળા કરતા સરકારી શાળામાં હવે બાળકોને વાલીઓ દાખલ કરતા થયા છે.ગ્રામ્ય વિસ્તારની શાળામાં સરકારશ્રી દ્વારા તમામ સુવિધા આપવામાં આવી છે તેમ જણાવી શ્રી ભાદુએ શાળાના બહારના દેખાવના બદલે શાળા શિક્ષકોની કામગીરીથી ઓળખાતી હોય છે તેમ જણાવ્યુ હતું. શિક્ષકોને બાળકોના જીવન ઘડતર માટે સમર્પિત થવા જણાવ્યું હતું.શાળાની વિધાર્થિનીઓએ પર્યાવરણ અને યોગ તેમજ સ્ત્રીભ્રૂણ હત્યા અંગે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતુ.

મજેવડીની ત્રણેય પ્રા. શાળા ખાતે ધો.૧ના ૪૩ અને યુડીડી હાઇસ્કુલ ખાતે ધો.૯ના ૩૭ અને ટીડીડી હાઇસ્કુલ ખાતે ૩૧ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો.

પ્રભારી સચિવશ્રીના હસ્તે ધો.૩ થી ધો.૮ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.શાળામાં દાન આપનાર અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.સચિવશ્રીએ શાળાના દરેક વર્ગમાં જઇને બાળકોની વાંચન અને લેખન અને ગણિતના વિષયો અંગેનું મૂલ્યાંકન પણ કર્યું હતું.

મજેવડીના પ્લોટ વિસ્તારમાં બાળકોને પ્રાથમિક અભ્યાસ માટે ગામમાં આવવું ન પડે તે માટે શાળાની સુવિધા આપવામાં આવી છે. પ્લોટશાળામાં પ્રજ્ઞા વર્ગનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મજેવડીના સરપંચ શ્રી મહેન્દ્રભાઇ ઢોલરિયા, જિલ્લા આયોજન અધિકારી શ્રી આર.એમ.ગંભીર, શ્રી નિલેષભાઇ ચોથાણી, શ્રી ગાંડુભાઇ, શ્રી મંજુલાબેન ઢોલરિયા,શ્રી રણછોડભાઇ પોકીયા તેમજ આચાર્ય શ્રી ગોહિલ, શ્રી ચોથાણી, શ્રી મસરીભાઇ, શ્રી શારદાબેન તેમજ દાતા શ્રી મધુભાઇ તેમજ શિક્ષકો શ્રી ભાવનાબેન હદવાણી,મોનાબેન પટેલ તેમજ વાલીઓ- વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યસ્મૃતિમાં સપ્તપદી પ્રવચનનું આયોજન



**અમદાવાદ,** પ્રખ્યાત આધ્યાત્મિક ગુરૂ સ્વામી શ્રી તદ્રુપાનંદ સરસ્વતીજી ૧૧ જૂન, ૨૦૧૭ને રવિવારે સાંજે ૫-૦૦થી ૭-૩૦ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, હેલ્મેટ ચાર રસ્તા અમદાવાદ ખાતે સપ્તપદીના મહત્વ અંગે પ્રવચન આપશે અને તેના વૈદિક માહાત્મ્યનો મર્મ સમજાવશે.

હિંદુ લગ્નવિધિમાં ખૂબ જ મહત્વ ધરાવતા સપ્તપદીના સંકલ્પો અંગે સ્વામી શ્રી તદ્રુપાનંદજી વિસ્તારથી સમજાવશે. લગ્નવિધિ દરમિયાન અગ્નિની સાક્ષીએ ફેરા ફરતી વખતે વર અને કન્યા વ્યક્તિગતરીતે જે સાત વચનોનું ઉચ્ચારણ કરે છે તે અંગે તેઓ નવપરિણીત અને લગ્નના તાંતણે જોડાવા જઈ રહેલા યુગલોને સંબોધિત કરશે. આજના યુગમાં જ્યારે લગ્ન અને સાંસારિક જીવન જયારે અલ્પજીવી નીવડી રહ્યા છે ત્યારે આ સપ્તપદી પ્રવચન પરિણીત યુગલોને સાંસારિક જીવન કેવી રીતે ખુશહાલ બનાવી શકાય અને લાગણીના સંબંધો પરસ્પર વધુ મજબૂત કેવી રીતે બને તેના પર પ્રકાશ પાડશે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન શ્રી ઈન્દ્રવદન મોદીના ધર્મપત્ની શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યસ્મૃતિમાં કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર અને મનન મહિલા મંડળ, અમદાવાદ દ્વારા સપ્તપદી પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે.

માનવીના જીવનમાં ત્રણ મહત્વના પ્રસંગો છે – જન્મ, મરણ, પરણ. આમાં જન્મ અને મરણ વખતે માનવી સભાન હોતો નથી પરંતુ પરણ જ એકમાત્ર એવો પ્રસંગ છે કે જેમાં બંને વ્યક્તિઓ સભાનપણે એકબીજાનો સ્વીકાર કરી સાત ફેરા દ્વારા જીવનભર એકબીજાનો સાથ નિભાવવાનો સંકલ્પ લે છે. આ સાત ફેરામાં વર અને કન્યા એકબીજાને કેવા વચનો આપે છે તેનું માર્મિક રહસ્ય સ્વામી શ્રી તદ્રુપાનંદજી સમજાવશે.

## બીજા દિવસે ધો.૧માં ૧.૫૫ લાખ વિદ્યાર્થીઓનું નામાંકન : માધ્યમિક શાળામાં ૧.૨૪ લાખ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો-ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

રાજયમાં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે ૧.૫૫ લાખ બાળકોએ પ્રાથમિક શાળામાં અને ૧.૨૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આપેલી વિગતો અનુસાર રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે જ ૨૩,૯૩૪ મહાનુભાવોએ ૭,૬૭૦ ગામોની ૧૦,૮૭૧ શાળાઓની મુલાકાત લીધી હતી. જેમાં ૯,૨૯૨ પ્રાથમિક શાળા અને ૧,૫૭૯ માધ્યમિક શાળાનો સમાવેશ થાય છે.

આ અભિયાન અંતર્ગત બીજા દિવસે મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રાથમિક શાળામાં ધો.૧માં ૭૮,૮૬૮ કુમારો અને ૭૬,૮૯૪ કન્યા મળી કુલ ૧,૫૫,૭૬૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ જ રીતે માધ્યમિક શાળામાં ધો. ૯માં ૬૬,૬૬૮ કુમારો અને ૫૭,૪૭૨ કન્યાઓને ધો.૯માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૪૪૩ કુમાર અને ૩૦૨ કન્યા મળી ૭૪૫ દિવ્યાંગ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. આમ આ જન અભિયાનના બે દિવસ દરમિયાન ૧૫,૪૬૦ ગામોની ૨૨,૧૧૪ શાળાઓની મુખ્યમંત્રીશ્રી સહિતના મંત્રીશ્રી દ્વારા અધિકારીઓ અને મહાનુભાવોએ મુલાકાત લઈ કુલ ૧,૫૮,૭૬૮ કુમારો અને ૧,૫૪,૩૫૮ કન્યાઓ મળી કુલ ૩,૧૩,૧૨૬ વિદ્યાર્થીઓને ધો.૧માં અને ૧,૩૮,૯૪૬ કુમારો તેમજ ૧,૧૮,૨૭૬ કન્યાઓ મળી કુલ ૨,૫૭,૨૨૨ વિદ્યાર્થીઓએ માધ્યમિક શાળામાં ધો.૯માં પ્રવેશ મેળવ્યો છે. તેમજ ૪૫,૩૪૭ કન્યાઓને બે દિવસ દરમિયાન વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરાયું છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવના બીજા દિવસે ૨૨,૭૫૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યભરમાં ૬૧૬ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની પણ શરૂઆત કરવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડીમાં નાના ભૂલકાને પણ પ્રવેશ આપવામાં આવે છે. રાજ્યભરની આંગણવાડીમાં બીજા દિવસે ૪૦,૨૦૦ કુમાર અને ૩૭,૯૮૨ કન્યાઓ મળી કુલ ૭૮,૧૮૨ ભૂલકાઓએ આંગણવાડી, બાલમંદિરમાં પ્રવેશ મેળવ્યો હતો.

## લીલીયાના સલડી ખાતે ધો.૧માં ૧૭ કુમાર અને ૧૪ કન્યાાઓનો શાળા પ્રવેશ

**અમરેલી,** કૃષિ રાજયમંત્રીશ્રી વી.વી. વઘાસીયા લીલીયા તાલુકાના સલડી સ્થિસત પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સનવ અને કન્યા્ કેળવણી કાર્યક્રમમાં ઉપસ્થિયત રહ્યા હતા.

કૃષિ રાજયમંત્રીશ્રી વી.વી. વઘાસીયાએ જણાવ્યું કે, શિક્ષણ વિના વિકાસ થઇ શકે નહિ. શાળાએ સરસ્વશતી મંદિર છે ગામ અને ભાવિ પેઢીના વિકાસ માટે એ મુખ્યા અને મહત્વાનું મંદિર છે. ભાવિ પેઢીના ઘડતરમાં શિક્ષણનો પાયો મજબૂત કરવા રાજય સરકાર કટિબધ્ધ્ છે. રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયાસને કારણે પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને ગણવેશ, પાઠ્યપુસ્તરક અને શિષ્યોવૃત્તિ આપવામાં આવે છે.

કૃષિ રાજયમંત્રીશ્રી વી.વી. વઘાસીયાએ ઉમેર્યુ કે, અત્યંવત આધુનિક સુવિધાઓથી સજ્જ શાળાઓમાં બાળકોને ઇન્ટીરનેટના માધ્ય મથી પણ શિક્ષણ આપવામાં આવે છે. છેવાડાના માનવીનું બાળક શિક્ષણ મેળવી શકે તે માટે સીમશાળાઓનો પ્રારંભ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે ગ્રામજનોને શિક્ષણ માટે આપેલા દાન અને પ્રોત્સા હનની બાબતને આવકારી હતી. શ્રી વઘાસીયાએ સલડી પ્રાથમિક શાળામાં પેવર બ્લોક અને પ્રાર્થના હોલ માટે ગ્રાંટ ફાળવવા અંગે જાહેરાત કરી હતી. શાળાના વિકાસ માટે મંત્રીશ્રી તથા ગ્રામજનોએ લોકફાળો અર્પણ કર્યો હતો. તેમણે જ્ઞાનપૂંજ અંતર્ગત ડિજીટલ વર્ગ અને ધો.૫ પ્રજ્ઞાવર્ગનો પ્રારંભ કરાવ્યો હતો. ગામના દાતાશ્રીઓનું તથા વર્ષો પહેલા કોલેજ સુધીનું શિક્ષણ મેળવેલા પ્રોઢશ્રીનું શાલ ઓઢાડી સન્મા ન કર્યુ હતુ. કૃષિ રાજયમંત્રીશ્રીએ, ધો.૧માં ૧૭ કુમાર અને ૧૪ કન્યા ઓ તેમજ આંગણવાડીમાં ૫ કુમાર અને ૫ કન્યારઓને કુમકુમ તિલક કરી પ્રવેશ કરાવ્યો હતો. તેમણે ધો.૩ થી ધો.૮માં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃીત્ત કરી સન્માાનિત કર્યા હતા. તેમણે વાલી સમિતિના સભ્યો્ અને ગ્રામજનો સાથે બેઠક બોલાવી ચર્ચા-સમીક્ષા કરી હતી.

શાળાના બાળકોએ અભિનયગીત મનુષ્યા તું બડા મહાન હૈ તથા યોગનિદર્શન રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ અમૃતવચન વૃક્ષ જાળવણી અને બેટી બચાવો રજૂ કર્યા હતા. શાબ્દિસક સ્વાતગત આચાર્ય ડૉ. અલ્પૃેશ પંડયા તથા આભારવિધી શ્રી માવજીભાઇ બાબરીયાએ કરી હતી.

આ પ્રસંગે સરપંચશ્રી પુરીબેન ડેર, શ્રી વિજયભાઇ ગજેરા, શ્રી ભનુભાઇ ડાભી, શ્રી રાશીભાઇ ડેર, શ્રી જીતુભાઇ લાઠીયા સહિત અધિકારીશ્રી-પદાધિકારીશ્રીઓ, વાલીગણ તથા વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થીત રહ્યા હતા.

## ભાવિ પેઢી-બે પરિવારોને ઉજાગર કરવા કન્યાઓ કેળવણીનું મહત્વ વધુ છે - આશિષ વી. વાળા

રાજ્ય સરકાર ખોલી રહી છે ઉજળા ભાવિની દિશા... શિક્ષણમાં કેટલાક ક્રાંતિકારી પરિવર્તન અને રચનાત્મકક પરિમાણો ઉમેરવામાં ગુજરાત રાજય એ એક દ્રષ્ટાંકત પૂરૂં પાડ્યું છે. રાજય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સ વ અને કન્યામ કેળવણી મહોત્સકવ યોજવામાં આવે છે. રાજયની તમામ સરકારી પ્રાથમિક અને ગ્રાન્ટે?ડ પ્રાથમિક શાળાઓ ઉપરાંત માધ્યમિક વિભાગમાં સરકારી તેમજ ગ્રાન્ટે.ડ માધ્યામિક શાળાઓને આવરી લેવામાં લેવામાં આવે છે.

ગૃહ વિભાગના નાયબ સચિવશ્રી આશિષ વી. વાળાએ શાળા પ્રવેશોત્સજવ કાર્યક્રમ અંતર્ગત ધારી તાલુકાના વીરપુર ખાતે ૫૮ કુમાર અને ૧૯ કન્યાાઓ સહિત કુલ ૭૭ને ધો.૯માં પ્રવેશ કરાવ્યો હતો. તેમણે બાળકોને સાવજની ધરતી ગીરનું નામ ઉજ્જવળ કરવા અને વધુ સારી રીતે અભ્યાકસ પૂર્ણ કરી ઉચ્ચે કારકિર્દી ઘડતર માટે પ્રેરક વાત કરી હતી. તેમણે સામાન્યા જ્ઞાનના પ્રશ્નો પૂછી, વિદ્યાર્થીઓ માટે અતિ ઉપયોગી થઇ રહે અને માર્ગદર્શન મળી રહે તે માટેનું પુસ્ત ક શાળાના શિક્ષકોને ભેટ કર્યુ હતુ. ગૃહ વિભાગના નાયબ સચિવશ્રી આશિષ વી. વાળાએ કહ્યું કે, ભાવિ પેઢી-બે પરિવારોને ઉજાગર કરવા કન્યા કેળવણીનું મહત્વ વધુ છે. તેમણે શિક્ષણની મહત્તા સમજાવી રાજય સરકારની વિવિધ યોજનાઓની સમજૂતી આપી હતી.

**સૂચના**

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com